| Innovation ID | Sr No : 1 |
|---|---|
| Innovation Title | પશુને પગમાં મચકોડ |
| Category | પશુ સંવર્ધન |
| Notebook Number | lok(૬)૧-૨, Jan-Apr-૨૦૦૧, Pg No. ૮ |
| Brief | પશુને પગમાં મચકોડ આવે તો મહુડા(Madhuca indica)ના ફૂલ, હળદર (Curcuma longa), મીંઠુ, ગોળ, વગદાના પાન, આવળ, (Cassia montana) નો ઉપયોગ. |

**Detail**

પશુને પગમાં મચકોડ આવે ત્યારે તે ભાગમાં સોજો આવે છે, દુખાવો થાય છે, મચકોડવાળા ભાગ જરા વધારે ગરમ લાગે છે, પશુ લંગડાયને ચાલે છે, ભાર ઊંચકી શકતું નથી. પગના ઘૂંટણની નીચેના ભાગમાં સોજો આવે છે, તે ભાગની કંડરા દબાવવાથી પશુને વેદના થાય છે અને પશુ બેચેની અનુભવે છે.

પશુપાલક અમતૃભાઈ નાથાભાઈ પટેલના જણાવ્યા મુજબ, પશુને આવી સમસ્યા થાય ત્યારે ૧૦૦ ગ્રામ મહુડા(Madhuca indica)નાં ફૂલ,
૨૫ ગ્રામ હળદર (Curcuma longa), ૨૫ ગ્રામ મીઠું, ૫૦ ગ્રામ ગોળ, ૫૦ ગ્રામ વગદાના પાન, ૫૦ ગ્રામ આવળ(Cassia montana)ના પાન લઈ એક લિટર પાણીમાં ઉકાળવા. લગભગ પાંચ મિનિટ ઉકાળ્યા બાદ ઠંડુ કરી વાટી મલમ જેવું બનાવવામાં આવે છે. આ મલમ પશુને મચકોડ વાળી જગ્યાએ લેપ કરી પાટા બે થી ત્રણ દિવસ બાંધી દેવાથી ફાયદો થાય છે.
આ પદ્ધતિ પરંપરાગત છે.

ત્રણ- ત્રણ દિવસે પાટો કરવાથી હાડકું દૂર હોય તો સંધાય છે. ૨૦ દિવસમાં આનાથી સારુ થઇ જાય છે.

(આ પદ્ધતિનું પી.આઈ.સી. મહેશ કે પરમારે ૨૭-૯-૨૦૦૪ના રોજ ભરેલ છે. આ પદ્ધતિ સાચી છે.)
(નોંધ-હાલ ખેડૂત સરખડી રહે છે.)
અન્ય ઉપયોગ કરતા ખેડૂતોના નામ
કુવરસીંહ સતુભા જાડેજા
ઈસ્માઈલભાઈ ઉમરભાઈ ખોરેશી
પ્રેમજીભાઈ જાદવ
ભાણભાઈ બેચર કણશાગરા

સંલગ્ન પદ્ધતિ- ઘેટાનું દૂધ અને સાબુ ગરમ કરવાથી ચીકણુ બને છે. તેના ત્રણ - ચાર પાટા કરવાથી તે મટી જાય છે. આંબાહળદર ૨૫ ગ્રામ, મેંદા લાકડી ૨૫ ગ્રામ, પીળીયો ૨૫ ગ્રામ (ઝાડ) અને ભૂરાપથ્થરને વાટી તેને ઉકાળી પાટો કરવો. જેનાથી લોહી બંધાયુ હોય તો છુટુ પડી જાય છે. ૨૫ ગ્રામ પ્રમાણે લેવું.)

| | |
|---|---|
| Method of Use | |
| Caution | |
| Benefit | |
| Condition | |
| Material Used | મહુડા(Madhuca indica)ના ફૂલ, હળદર (Curcuma longa), મીંઠુ, ગોળ, વગદા (Salvadora persica) ના પાન, આવળ(Cassia montana) |
| IPR Status | |
| Keywords | મચકોડ, પગ, પશુ, મહુડા, Madhuca indica, ફૂલ, હળદર, Curcuma longa, મીંઠુ, ગોળ, વગદા, પાન, આવળ, Cassia montana |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૦૮૫૬ | Member Type | Verifier | | |
| First Name | મહેશ | Middle Name | કે. | Last Name | પરમાર |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મું.પો. કુડોલ | Taluka | મોડાસા | | |
| District | Sabarkantha | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૪૩૮ | Member Type | Scout | | |
| First Name | અમૃતભાઈ | Middle Name | બી | Last Name | અગ્રવાત |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | | Taluka | | | |
| District | | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૮૨૨ | Member Type | Innovator | | |
| First Name | કાનજીભાઈ | Middle Name | ભોજાભાઈ | Last Name | ભરવાડ |
| Profession | ખેતી,પશુપાલન | Designation | ખેડૂત,પશુપાલક | | |
| Address 1 | | | | | |
| Village | મુ. પો. ચરખડી | Taluka | જેતપુર | | |
| District | Rajkot | State | Gujarat | Country | India |

| | |
|---|---|
| Biography | ખેડૂતનો પરિચય<br>ઉત્તરદાતાની ઉંમર ૫૫ વર્ષની છે. તેઓ અભણ છે.તેમના મત્ની મણીબહેન કનુભાઈ ચાવડીયા તેઓ ૫૩ વર્ષના છે.તેઓ અભણ છે.  તેઓને હાલ ચાર સંતાનો છે. ૩ છોકરા અને ૧ છોકરી છે. બીજલભાઈ કનુભાઈ ચાવડીયા પોતે મજૂરી કરે છે. તેઓ ૨૮ વર્ષના છે. તેઓ અભણ છે. ધૂછાભાઈ કાનજીભાઈ ચાવડીયા ઢોર ચારે છે. તેમના લગ્ન થઇ ગયેલા છે. તેઓ ૧૦ પાસ સુધીનો અભ્યાસ કરેલ છે. હાલમાં ઘરના બકરા તથા ગાયો ચારવાનું કામ કરે છે. આજુબાજુના ઢોર પણ ચારે છે. હરેશભાઈ કનુભાઈ ચાવડીયાના લગ્ન થઇ ગયેલ છે. તેઓ ૮ પાસ સુધીનો અભ્યાસ કરેલ છે. હાલમાં તેઓ દ ારની ભેંસો ચારીને અને આજુબાજુની ભેંસો ચારીને પોતાનું જીવન ચલાવે છે. ખેડૂત પોતે ગામડે જઈને પશુની સેવા કરે છે. જે સવારમાં પહેલા લેવા આવે તેની પાસે ૧૦૦ રૂ ા. ચાર્જ લેવાનું નક્કી કરેલ છે. પછી દિવસમાં કોઈપણ આવે તેની પાસે આખા દિવસ દરમ્યાન કોઈપણ જાતનો ચાર્જ લેતા નથી. પશુઓમાં ભેંસો ૭ અને ગાયો ૫ છે. ૩ બકરા છે.પોતાને જમીન ન હોવાથી બીજાની ભાગે કરીને ખોડી ઘણી ખેતી છે. જેમાં કપાસ, મગ, મગફળી, જેવા પાકો પકવે છે. આવક છોકરા વહુઓ ઢોર ચારીને તથા ખેત મજૂરી કરીને આવક થાય છે. તથા દૂધમાંથી પણ થોડી આવક થાય છે. તેમનું મકાન પાકુ ધાબા વાળુ છે. પરંતુ ત્રણ છોકરા, વહુઓ અને ખેડૂત પોતે જાત મહેનત કરીને મકાન બાંધેલ છે. આવક મજુરી કરીને તથા બે ભેંસોનું દૂધ ભરીને અને બીજાના ઘરેથી દૂધ લાવીને દૂધ સપલાયનું કામ કરીને આવક મેળવે છે.<br><br>સામાજિક રિવાજ– આ ભરવાડ જ્ઞાતિમાં સામે પક્ષેથી છોકરી લાવે તો સામે પક્ષે છોકરી આપવી પડે છે અને જો છોકરી ન આપે તો ૫૦,૦૦૦ રૂપિયા સામે પક્ષે આપવા પડે છે ત્યારે આ જ્ઞાતિમાં લગ્ન થાય છે અને જો સામે પક્ષે છોકરી આપે તો કોઈ પણ જાતની લેવડ–દેવડ રહેતી નથી.<br><br>આ ખેડૂત ૫ વર્ષ પહેલાં સોડાવદર જામકંડોરણા તાલુકામાં ગોવાળ તરીકે રહ્યો હતો અને હાલમાં પોતાના ગામ ચરખડીમાં રહે છે.<br><br>ગામનો પરિચય<br>ગામની વસ્તી ૮૦૦૦ ની છે. ગામમાં પંચાયત છે. ગામના સરપંચ નરેશભાઈ નરસીંગભાઈ ખાંટ છે. ગામમાં દૂધ ઉત્પાદક મંડળી છે. ગામમાં તળાવ છે. બે ગામને સિંચાય પાણી મળે છે. ગામમાં મેવાસા છાપરી નદી છે. નદીના કિનારે ખોડીયાર માતાનું મંદિર છે. ત્યાં સેવા પૂજા કરવા પૂજારી રહે છે. તેની નજીક દૂર ભાષા કેન્દ્ર પણ છે. ગામ આખુ નાની નાની ગલીઓમાં આવેલ છે. ગલીઓ સિમેન્ટના પથ્થરથી જડેલ છે. આ ગામમાં ફેક્ટરીઓ તથા દુકાનો ચલાવે છે. તેથી ધનવાન ગામડું છે. ભરવાડ, હરીજન, રબારી, ઢોબી લોકોને જમીન ન હોવાથી તેઓ પશુપાલન પર આધાર રાખવો પડે છે. તેથી ગરીબ છે. ગામમાં બાવળ, ઓખા, લીમડા, ગાંડા બાવળ, નીલગીરી, ખેરના ઝાડ જોવા મળે છે. જમીન કાળી, ભુરી, ગોરાડુ છે. ગામમાં શિક્ષણની વ્યવસ્થા ૧થી ૭ પ્રાથમિક શાળા તથા ૮થી ૧૦ માધ્યમિક શાળાની વ્યવસ્થા છે. ગામમાં મુખ્ય જાતિ પટેલ લોકોની વસ્તી છે. ગામમાં બસ સ્ટેન્ડ છે. ગામમાં આંગણવાડી છે. ભરવાડના ઘર ૨૦ ઘર છે. રબારી – ૨૦ ઘર, હરીજન ૫૦ ઘર, દરબારના ૧૦૦ ઘર છે. ઢોલી ના ૫ ઘર છે. આ બધી વસ્તી ગામની બહારની વસ્તી છે. મુખ્ય ગામમાં પટેલ લોકો, દરબાર અને ખાંટ લોકોની વસ્તી ગામમાં છે. બીજી જાતિ ગામની બહાર છે. ગામમાં ગૌશાળા બનાવેલ છે. જેમાં એવો નિયમ છે કે ગામમાં કોઈ પણ પટેલ કે કોઈપણ જાતિના ઘરે લગ્ન થાય ત્યારે તેના દ ારે બેન્ટબાજા વગાડવામાં આવે છે. આ વગાડવા વાળા ગામના હરીજન કે ઢોલી લોકો વગાડે છે. વગાડવા વાળાને ફકત રોજી આપતા જેમાં દિવસના રૂ ૫૦ અને રાતના ૫૦ રૂ એમ આપતા. પરંતુ આ સાધન બધા પંચાયત તરફથી હોય છે એટલે જેના ઘરે લગ્ન હોય તેના ઘરેથી બેન્ટ બાજા જે પૈસા થાય તે પંચાયત લેતી હતી આ જે પૈસા આવે તે તેઓ ગાયો માટે ઘાસ ચારો લેતા અને આખા ગામની ગાયો ગૌશાળામાં ભેગી કરી પછી તે ઘાસ ખવડાવતા અને પછી પોતપોતાની ગાયો પોતપોતાને ઘેર લઇ જતા હતા. અને ક્યારેક ફાળો કરીને ગામના પટેલો એક માસમાં આવો ગાયોને ચારવાનો પ્રોગ્રામ કરતા હતા. |